**આંક ૧૨૦ નીચે હુકમ :–**

---

(૧) હાલની અરજી આ કામના પ્રતિવાદી નં. ૧૧,૧૨,૧૪ અને ૧૫ તરફથી કરવામાં આવેલી છે. તે વંચાણે લીધી તથા બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની રજુઆતો સાંભળી.

(૨) આ કામે પ્રતિવાદી નં. ૧૧,૧૨,૧૪ અને ૧૫ તરફે વિ.વકીલશ્રી વી.બી.કંસારાની રજુઆત છે કે, હાલનો દાવો આ કામના વાદીએ ધ્વેશપુર્ણ ફોજદારી ફરીયાદ અંગે વળતર મેળવવા હાલના પ્રતિવાદીઓ સહિત અન્ય પ્રતિવાદીઓ વિરૂધ્ધ કરેલો છે. જેમાં હાલના પ્રતિવાદીઓને કોઈ નિસ્બત નથી. વાદી જે તે વખતે દવાનો ધંધો કરતા હતા તેની સાથે હાલના પ્રતિવાદીઓને કોઈ લેવા દેવા નથી. કારણ કે હાલના પ્રતિવાદીઓ મહેસાણા તથા પાલનપુર મુકામે રહે છે અને વાદી વિરૂધ્ધ જે કઈ ફોજદારી કાર્યવાહી થયેલી છે તે અંગે હાલના પ્રતિવાદીઓ કાંઈ જાણતા નથી કે સરકાર કે પોલીસ કાર્યવાહીમાં તેઓને પક્ષકાર બનાવેલા નથી. તેમજ કોઈ ક્રિમીનલ પ્રોસીડીંગ્ઝમાં તેઓનું નામ નથી. તેથી હાલના પ્રતિવાદીઓ વિરૂધ્ધ કોઈ કોઝ ઓફ એકશન ઉત્પન્ન થતું નથી. આ કામના પ્રતિવાદીઓએ આંક ૨૭, ૩૪, ૪૧ વિગેરેની અરજીમાં વાદીને જણાવેલ છે કે, તેમની વિરૂધ્ધ કોઈ પુરાવો હોય તો રજુ કરવો. પરંતુ હજુ સુધી આવો કોઈ પુરાવો વાદીઓએ રજુ કરેલો નથી. તેથી હાલની અરજી આપેલી છે. સી.પી.સી. ઓર્ડર–૧ રૂલ–૧૦(૨) અને ૧૦(૩) ની જોગવાઈ મુજબ નામદાર કોર્ટ કોઈ પણ સમયે નવા પક્ષકાર ઉમેરી શકે અથવા બિનજરૂરી પક્ષકાર રદ કરી શકે. હાલના પ્રતિવાદીઓએ આંક ૮૨ થી વાદીની દાવાઅરજીનો જવાબ રજુ કરેલો છે. તેમાં સંપુર્ણ હકીકત જણાવેલી છે અને આંક

૫૩ થી પ્રતિવાદી નં. ૧૧,૧૨,૧૪ અને ૧૫ નાએ ઓર્ડર ૧૪ થી દસ્તાવેજ રદ કરવા માટે અરજી કરેલી છે અને તેની ઉપર નામદાર કોર્ટે સંલગ્ન દસ્તાવેજ રજુ કરવા જણાવવા છતાં આજ દિન સુધી રજુ કરેલ નથી. તેથી ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલા હોવાથી પ્રતિવાદીઓના ગ્રાહકો અને કુટુંબ તથા સમાજમાં હાલના પ્રતિવાદીઓ વિરૂધ્ધ ખોટી પ્રતિષ્ઠા ઉભી થાય છે. તેથી હાલના પ્રતિવાદીઓને પક્ષકારો તરીકે છુટા કરી સ્પેશ્યલ કમ્પનસેશન અપાવવા રજુઆત કરેલી છે.

(૩) જયારે આ કામે વાદી તરફે વિ. વકીલશ્રી પી.બી.વેલાણીની એવી રજુઆત છે કે, પ્રતિવાદીઓના ધ્વેશપૂર્ણ અપકૃત્યના કારણે વાદીએ હાલનો રૂાં. ૫ કરોડનું વળતર મેળવવા દાવો કરેલો છે અને આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૨૫ વિરૂધ્ધ હાલનો દાવો કરેલો છે અને હાલની અરજી આ કામના પ્રતિવાદી નં. ૧૧,૧૨, ૧૪ અને ૧૫ નાઓએ કરેલી છે. આ કામે વાદી તરફથી જે દસ્તાવેજો આંક ૪ ના દ.પુ.લીસ્ટથી રજુ કરવામાં આવેલા છે તે ધ્યાનમાં લેતાં દરેક પ્રતિવાદીનો સક્રિય રોલ છે અને કાયદાકીય પ્રક્રિયાનો દુરૂપયોગ કરેલો છે અને આ હકીકત દાવાના કોઝ ઓફ એકશનમાં પણ દર્શાવેલ છે. આ કામના પ્રતિવાદીઓ નોન જોઈન્ડર ઓફ નેસેસરીઝ પાર્ટીની તકરાર લે છે પરંતુ કોને જોડેલા નથી તેવું જણાવતા નથી. તેથી વાદીએ તેઓના પ્લીડીંગ્ઝમાં જણાવેલ છે તે મુજબ તમામ પ્રતિવાદીઓ જરૂરી પક્ષકાર છે. આંક ૧૨૦ ની અરજીમાં સપ્રેસ ઓફ મટીરીયલ ફેકટસ છે તેથી રદ થવાને પાત્ર છે. આ કામે હજુ પુરાવો લેવાનો બાકી છે અને જયાં સુધી પુરાવો લઈને સાબીત કરવાની વાદીને તક આપવામાં ન આવે ત્યાં સુધી હાલના દાવામાં આ કામના સદરહું પ્રતિવાદીઓ જરૂરી પક્ષકાર નથી તેવું નકકી થઈ શકે નહી. હાલના દાવાની કાર્યવાહી ખોટી રીતે વિલંબમાં નાંખવા માટે કરી રહેલા હોઈ તેથી અરજી નામંજુર કરી વાદીને સ્પેશ્યલ કોસ્ટ અપાવવા રજુઆત કરેલી

છે.

(૪) બંને પક્ષકારોની રજુઆતો તથા રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લેતાં તેમજ હાલની અરજી અંગે વાદીની દાવાઅરજીનું પ્લીડીંગ ધ્યાને લેતાં આ કામમાં હાલના પ્રતિવાદીઓએ કોઈ અપકૃત્ય કરેલ છે કે કેમ, તે પુરાવો લીધા વિના નકકી થઈ શકે તેમ નથી. આ કામના પ્રતિવાદીઓએ એવી રજુઆત કરેલી છે કે, આંક ૨૭, ૩૪ અને ૪૧ થી હાલના પ્રતિવાદીઓએ વાદી પાસેથી દસ્તાવેજોની નકલો માંગેલ છે તે દસ્તાવેજોની નકલો વાદીએ આપેલા નથી કે હજુ રજુ કરેલા નથી. પરંતુ આંક ૪૧ વંચાણે લેતાં તેમાં મારા પુરોગામી અધિકારીશ્રીએ પ્રતિવાદીઓને દસ્તાવેજો મળી ગયેલા હોય તેથી અરજી ફૈંસલ કરેલી છે. આંક ૫૩ ની અરજી વંચાણે લેતાં જે હાલના પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં. ૧૧ નાએ સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૪ મુજબની અરજી કરી બનાસ ફાર્મા અને નવકાર કેમીસ્ટ પાટણના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ધ્વારા આપવામાં આવેલ દવાઓનો ખરીદ વેચાણનો પરવાનો (ડ્રગ લાયસન્સ) વાદી પાસેથી રજુ કરાવવા અરજી કરેલી છે પરંતુ સદરહું અરજી ઉપર હાલના પ્રતિવાદીઓ તરફે તેઓના વિ.વકીલશ્રીનો શેરો વંચાણે લેતાં ''હાલ પુરતી આ અરજી મારે આગળ ચલાવવી ન હોવાથી પરત ખેંચું છું''. આમ હાલના પ્રતિવાદીઓના વિ.વકીલશ્રી તે અરજી આગળ ચલાવવા માંગતા નથી તેવો શેરો કરેલો છે અને તેવા સંજોગોમાં મારા પુરોગામી અધિકારીશ્રીએ ''નોટપ્રેસ કરતાં ફૈંસલ'' તેવો હુકમ કરેલો છે.

(૫) આમ આ કામના વાદી વિરૂધ્ધ અત્રેની કોર્ટે હુકમ કરવા છતાં વાદીએ હુકમ મુજબ દસ્તાવેજો રજુ કરેલા નથી તેવી રજુઆતને ઉપરોકત હકીકતથી લેશમાત્ર સમર્થન મળતું નથી. આમ તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામે હાલના

પ્રતિવાદીઓને વાદીએ ખોટી રીતે જોડેલા છે તે હાલના તબકકે નકકી થઈ શકે તેમ ન હોય તેવા સંજોગોમાં હાલની અરજી મંજુર થવા પાત્ર ન હોય હું નીચે મુજબનો હુકમ કરૂં છું.

## હુ _ ક _ મ

– પ્રતિવાદી નં. ૧૧,૧૨,૧૪ અને ૧૫ ની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

– ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજ રોજ તા. ૧૬, માહે માર્ચ, સને ૨૦૧૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

પાટણ.
તા. ૧૬/૦૩/૨૦૧૩.

( ડી.એ.હિંગુ )
પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ
પાટણ.